જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

બી.એન.એસ.એસ.કલમ ૮૪ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૭૧૪/૨૦૨૫**

નરોડા પો.સ્ટે.ગુ.ર.નં.૨૩૩/૨૦૧૨ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, મુજબ તથા સેશન્સ કેસ નં.૧૦૭/૨૦૧૮ મુજબ ગુનાના કામે રવિ દિપીપકુમાર લાલવાણી (રહે. મકાન નંબર– ૬૨૭ જવાહર કોલોની આંબાવાડી સરદારનગર અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૦૬ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૧ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૧૭/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ જાફરભાઈ અલીભાઈ ઘાંચી (ઉ.વ.૪૭) (રહે. મહમ્મદ યાસીન સોસાયટી આપાભાઈની ચાલી સામે સરખેજ ગામ, સરખેજ) એ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૫ ના રોજ અજાણી વ્યક્તિએ જાફરભાઈ ઘાંચીના સંબંધીનો મોબાઈલ ફોન હેક કરી જાફરભાઈ ઘાંચીના સંબંધીના વોટ્સએપના માધ્યમથી જાફરભાઈ ઘાંચીના મોબાઈલ ફોનમાં RTO E challan.apk નામની એપીકે ફાઈલ મોકલતા જાફરભાઈ ઘાંચીએ એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા જાફરભાઈ ઘાંચીના બેન્ક ખાતામાંથી રૂપિયા ૭,૮૦,૦૨૭/– અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એસ.ખોખર ચલાવે છે.

અપમૃત્યુંઃ– **સમાચાર યાદી નં.૧૭૧૮/૨૦૨૫**

શહેરકોટડાઃ સરસપુર પોટલીયા ચાર રસ્તાની પાસે રબારીવાસ પતરાવાળી ચાલી ખાતે રહેતા રહીશે તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ રહેણાંક ખાતે લાઈટ ના હોય અને રાતના સમયે ઘરમા અંજવાળા સારુ દિવાલ પર લાગેલ પથ્થર ઉપર દિવો સળગાવેલ હતો. ત્યારબાદ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે ઉંદરડાએ સળગતી દિવાની દિવેટ ખેચતા નીચે પડતા આગ લાગતા ત્રણ વર્ષનું બાળક દાઝી ગયું હતું. જેને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૧૨/૨૦૨૫ કલાક ૦૨/૩૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઈ વિરચંદભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૧૯/૨૦૨૫**

પાલડીઃ વિનોદભાઈ મણિલાલ ડાભી (ઉ.વ.૪૫) (રહે. મગન કુંભારની ચાલી નવયુવાન સ્ટ્રીટ ઈંટવાળા સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૩૦ વાગ્યા પહેલા પાલડી ગીરીભવન કોમ્પલેક્ષમાં આવેલ ન્યુ વિગ ઇન્ટરનેશન નામની પોતાની દુકાન નંબર–૧૦૫ ની ઓફીસમાં પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચયન ચલાવે છે.

સરખેજઃ નારાયણીકુમારી વા/ઓ પુરણમલ કુમાવત (ઉ.વ.૨૦) (રહે. સરદાર આવાસ, ભરવાડવાસ પાસે નવી ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૫ રાતના કલાક ૦૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન સવારના ૦૭/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશર શ્રી "એમ" ડીવીઝન ચલાવે છે.

મેઘાણીનગરઃ પાયલબહેન ડો/ઓ રમેશભાઈ પટણી (ઉ.વ.૨૫) (રહે. શાંતિ સાગરના છાપરાં છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પતરાની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી